ગાંધીનગર સમાચાર

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

શેરીએ, શેરીએ - ટિકિટ માટે પ્રકટી છે હોળી !
દરેક પક્ષમાં 'બેઠક' માટે, પ્રકટી છે હોળી !
પ્રક્ટી છે હોળી, અંગત વેરઝેરના અંગારે
ગરીબ મતદારના હૈયામાં - પ્રકટી છે હોળી...

હાઈકુ

બદનામીના
કાળા ચહેરા લઈ -
ખેલે ખેલૈયા

શરમ વિના -
કૌભાંડો ના કીચડે
રમે છે રંગે...

ચિંતન

સમાધિના સાધુ વિનિશ્ચલાત્મના પશ્યાત્મતત્વં સ્ફુટબોધચક્ષુષા ॥
નિઃસંશયં સમ્યગવેક્ષિતશ્ચેચ્છુતઃ પદાર્થો ન પુનર્વિકલ્પતે ॥

ઉપરોક્ત શ્લોક 'સર્વવેદાંત સિદ્ધાંત-' સારસંગ્રહમાંથી લેવામાં આવેલ છે.

સમાધિથી સારી પેઠે ચિત્તને સ્થિર કરી, સ્પષ્ટ જ્ઞાનરૂપી નેત્રથી આત્મતત્ત્વને જો સાંભળેલો પદાર્થ અસંદિગ્ધ પણે સારી રીતે જોઈ લેવાય તો, એના વિષયમાં ફરી સંશય થતો નથી.

'જ્ઞાન'થી દષ્ટિ મળે છે અને તેના દ્વારા સત્ય-અસત્યનો વિવેક મળે છે. એનાથી આત્મતત્ત્વનો પરિચય થાય છે અને વિષય - વાસનાનો તરફ વિરક્તિ આવે છે.

સુવિચાર

- દુશ્મનથી છૂટકારો મેળવવા માંગતા હોવ તો સમજી લો કે વાસ્તવિક દુશ્મન અહંકાર છે - **સંત વિલિયમ**
- અહંકાર એક એનેસ્થેસિયા છે, જે મૂર્ખતાના દર્દને ઓછું કરે છે - **ટી.એસ.ઈલિયાડ**
- વિજ્ઞાનથી આપણું જ્ઞાન વધે છે અને વિવેકથી આપણું જીવન વ્યવસ્થિત થાય છે - **એ.પી.જે. અબ્દુલ કલામ**
- આસ્થા એ સ્થાન છે, જયાં વિચારો કયારેય પહોંચતા નથી - **ખલિલ જિબ્રાન**
- હું સમજતો નથી, પણ વિશ્વાસ જરૂર કરું છું અને જે વાત મારું મસ્તિષ્ક સમજતું નથી, તેને હું આસ્થાની મદદથી પકડીને રાખું છું - **સેન્ટ બર્નાર્ડ**
- જે વ્યવહારમાં ક્રોધ-માન-માયા-લોભના વપરાય એ શુદ્ધ વ્યવહાર કહેવાય - **આપ્તસૂત્ર**
- આજનું ઔષધ : શેરડીના રસમાં આંબળાનો રસ અને મધ મેળવીને પીવાથી લોહી વધે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

૧૯૫૧માં કોંગ્રેસ મહા સમિતિની બેઠક દિલ્હીમાં મળી હતી. જવાહરલાલ નહેરુ, મુખ્ય વક્તા હતા. તેમણે પોતાના ભાષણમાં પંચવર્ષીય યોજના, ગરીબી, બેકારી વગેરે વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કર્યા. શ્રમજીવી અને બુદ્ધિજીવીઓને પોતાના દેશના કાર્યમાં જોડાવા અપીલ કરી. સૌએ નહેરુના ભાષણને તાળીઓથી વધાવી લીધું. ભાષણો પૂરા થયા પછી. નાસ્તાનો સમય થયો. તે વખતે દેશમાં અનાજની અછત હતી એટલે નાસ્તામાં મુખ્યત્વે કેળા, ચીકુ વગેરે ફળો હતા. કેળા અને ચીકુ ખાઈ-ખાઈને કાર્યકરો એના છોતરાં મંડપમાં જયાં ત્યાં નાખવા લાગ્યા. થોડીવારમાં મંડપ છોતરાથી ગંદો થઈ રહ્યો. જવાહરલાલથી આ ગંદકી સહન ન થઈ. કોઈને પણ કહ્યા વિના મંડપમાં પડેલા કેળાના છોતરા, ચીકુની બીયા વગેરે જાતે જ એકઠા કરવા લાગ્યા. કાર્યકરોને પોતાની ભૂલ સમજાઈ. બધા શરમાયા અને કચરો વીણવાના કામમાં લાગી ગયા. થોડી જ વારમાં આખો મંડપ ચોખ્ખો થઈ ગયો. કહેવા કરવા જાતે કાર્ય કરવાથી વધુ સારી અસર પડે છે.

મુદ્દા વગર લડાતું મહાભારત

મહાભારતના યુદ્ધમાં મુદ્દો હતો. પાંડવો વધુ નહીં તો અડધા ભાગનું રાજ ભોગવવાના હકદાર હતા. હકીકતમાં સામ્રાજયનો વિસ્તાર તો એમના પરાક્રમી પિતા મહારાજા પાંડુને આભારી હતો. ધૃતરાષ્ટ્ર તો અંધ હતા અને નીતિશાસ્ત્ર મુજબ તો ખંડિત અંગ વાળો રાજકુમાર જયેષ્ઠ હોય તો પણ રાજા ન બની શકે. પરંતુ પાંડુનું અકાળે અવસાન થતાં ધૃતરાષ્ટ્રને એ તક મળી ગઈ હતી. પાંડુ પુત્રો હજી સગીર હતા. આખરે જે મનોવૈમનસ્ય સરજાયું અને દુર્યોધન કૃષ્ણ જેવા વિષ્ટિકારને પાંડવો માટે પાંચ ગામ પણ આપવા સહમત ન થયો ત્યારે યુદ્ધ વગર વિકલ્પ જ ન રહ્યો. લોકશાહીમાં દર પાંચ વર્ષે પટ્ટો રિન્યૂ કરાવવાની તક રહે છે. એમાં ધૃતરાષ્ટ્રવાદી કે દુર્યોધનવાળી નથી ચાલતી. એટલે નહેરુ-ઈંદિરાએ દાયકાઓ સુધી સીંચેલી લીલી વાડી કાલાન્તરે મોરારજી દેસાઈ, વીપી સિંહ, ચંદ્રશેખર, ચરણસિંહ, દેવગૌડા કે ગુજરાલ અને વાજપેયી જેવા બિન કોંગ્રેસી નેતાઓએ ભોગવી. વળી પાછા પાછળ ઈટાલિયન મૂળનાં નહેરુ પરિવારનાં પુત્રવધૂ હસ્તક એ રાજગાદી સરકી ગઈ અને પૂરાં દસ વર્ષ સમર્થ અર્થશાસ્ત્રી ડૉ. મનમોહનસિંહના નામે નહેરુ-ગાંધી પરિવારે એ વૈભવ માણ્યો. ૨૦૧૪ની ચૂંટણી ભારતીય લોકશાહીના ઈતિહાસમાં ચીમાચિહ્ન રૂપ ઘટના હતી. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વિજયની હેટ્રિક લગાવનાર વડનગરના અદના પરિવારના ફરજંદ એવા નરેન્દ્ર મોદીએ અપ્રત્યાશિત સફળતા હાંસલ કરી અને ભારતીય જનતા પાર્ટીને સ્પષ્ટ બહુમતી મળી એટલું જ નહીં, કોંગ્રેસ જેવા કદાવર રાષ્ટ્રીય પક્ષ ૪૪ બેઠકો પર સંકોડાઈ ગયો. કોંગ્રેસને અધિકૃત વિપક્ષનું ગૌરવ પણ ન મળ્યું. પરંતુ પાંચ વર્ષના મોદીશાસન દરમિયાન પ્રજામત ઘણો બદલાયો છે. ઘણી બાબતોમાં ભ્રમનિરસન થયું છે. ખરેખર તો એવા અગત્યના મુદ્દાઓ પર ચૂંટણી લડાવી જોઈએ એને બદલે તદ્દન વાહિયાત બાબતોએ પ્રજામાનસને ઘેરી લીધું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસે હિંદુત્વનો હુકમનો એક્કો અકબંધ હતો, પરંતુ સુપ્રીમ કોર્ટે ચુકાદો ન આપે ત્યાં સુધી રામજન્મભૂમિ મુદ્દે કોઈ ઉતાવળિયો અધ્યાદેશ કરીને એ વિવાદમાં ઊતરવા નહોતા માગતા. કુદરતે જ તક આપી અને પુલવામામાં આતંકવાદી હુમલામાં સૈનિકોની શહાદતનો બદલો લેવાની રાષ્ટ્રવ્યાપી માગણી સંતોષવા પાક અધિકૃત કાશ્મીરમાં ચાલતા જૈશ-એ-મોહંમદ સંગઠનના આતંકવાદી કેમ્પ પર એર સ્ટ્રાઈક કરાઈ. આથી ચૂંટણીનો 'વિકાસ' વાળો મુદ્દો હાંસિયે ધકેલાઈ ગયો. રોજગાર જેવા મુદ્દા કે ખેડૂતોના પ્રશ્નો પણ દબી ગયા. રાષ્ટ્રવાદના ઝનૂન સાથે ભારતીય જનતા પાર્ટી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકર્તાઓ આખા દેશને ઘમરોળી રહ્યા છે અને કોંગ્રેસ સહિત પ્રાદેશિક પક્ષોના નેતાઓ ઍર સ્ટ્રાઈક મુદ્દે સવાલ ઉઠાવતાં બૅકફૂટ પર આવી ગયા છે. પ્રિયંકા ગાંધીએ પ્રયાગરાજથી મોદીના મતવિસ્તાર વારાણસી સુધીની નૌકાયાત્રા આરંભી છે. કોંગ્રેસી કાર્યકર્તાઓ એમને હવે 'ગંગા મૈયા કી બેટી' તરીકે ઓળખાવવા લાગ્યા છે. 'ચાયવાલા' તરીકે ચૂંટણી લડેલા મોદી આ વખતે 'ચોકીદાર' નો રોલ ભજવી રહ્યા છે. આખી ચૂંટણી અગત્યના મુદ્દાઓથી ફંટાઈ ચૂકી છે. ભારતીય જનતા પાર્ટીએ અગાઉથી હાઈજેક કરી લીધેલા સરદાર પટેલ અને સુભાષ બાબુ જેવા નેતાઓ પણ હવે પ્રચાર ઝુંબેશમાંથી દૂર ખસી ગયા છે. લોકશાહી, તારી આ દશા ! આજનું મહાભારત સાવ જ આડા પાટે ચડી ગયું છે.

તંત્રીસ્થાનેથી...

અચરજનો આનંદ મળ્યો છે, માણી લઈએ

મનના ઉમંગો
રણછોડ પરમાર

આ વખતના તા-૧૦/૦૩/૨૦૧૯ના રોજ મળેલા ગાંધીનગર સાહિત્યસભાના વાર્ષિક કાર્યક્રમમાં મારા માટે મહત્વની બે વસ્તુ બની ગઈ એક તો આ સમારંભમાં મારા પ્રથમ પુસ્તક '' જય પશુપતિનાથ'' નું વિમોચન થયું. શ્રી ભરતભાઈ કવિના '' શબદને સથવારે'', શ્રી ભીખુભાઈ કવિના ''સ્મરણરેખ'' અને શ્રી ગુલાબચન્દ પટેલના '' સાચા પ્રેમની શોધ'' એ ત્રણ પુસ્તકોનાં પણ વિમોચન કરવામાં આવ્યાં હતા. પરંતુ આ ત્રણે સર્જકોએ આ અગાઉ બીજાં પુસ્તક લખેલાં છે. જ્યારે મારા માટે આ પહેલો અવસર હોઈ તે મારા માટે મહત્વની વાત બને છે. બીજું, સાહિત્ય સભા દ્વારા આપવામાં આવતી કીટમાં બે સુંદર પુસ્તકો ભેટ આપવામાં આવ્યાં. એક શ્રી પ્રદ્યુમ્નભાઈ આચાર્યનું ''અચરજનો આનંદ'' અને બીજું શ્રી કલ્પેશભાઈ પટેલનું'' મરણોત્તર''. આજે(તા-૧૩/૦૩/૨૦૧૯) શ્રી પ્રદ્યુમ્નભાઈનું પુસ્તક '' અચરજનો આનંદ'' બપોરબાદ હાથમાં લીધું અને અડધા ઉપરાંતનું વંચાઈ ગયું. વાંચતા વાંચતાં એટલો બધો આનંદ થયો કે અત્યારે ચા પીવા માટે માંડ મેં પુસ્તક હેઠે મૂક્યું છે , પણ એના વિશે અભી ને અભી લખી દેવા દિલ મગજ પર જોહુકમી કરવા માંડ્યું છે. એટલે આઠ લેખ વાંચવાના બાકી છે છતાં હું લખવા માટે મજબુર થઈ ગયો છું.

શ્રી આચાર્ય સાહેબે (તેઓ સાચેસાચ સચિવાલયમાં મારા સાહેબ હતા, એટલે હું હંમેશા તેમના માટે આચાર્ય સાહેબ એવું સંબોધન કરીશ.) આ અગાઉ ત્રણ પુસ્તકો લખ્યાં છે. તે પૈકી ''હીંચકે બેઠા'' પુસ્તકને ગુજરાતી સાહિત્ય અકાદમીનું ૨૦૧૦ ના વર્ષનું પ્રથમ પારિતોષિક મળ્યું છે. જ્યારે ''હાસ્ય કલરવ''ને ૨૦૧૬ના વર્ષમાં ગુજરાતી સાહિત્ય પરિષદનું જ્યોતીંદ્ર દવે પારિતોષિક અને ગુજરાતી સાહિત્ય અકાદમીનું ફરીવાર પ્રથમ ઈનામ એમ બબ્બે ઈનામ પ્રાપ્ત થયાં છે. બંને પુસ્તકો મને પુસ્તક પરબની મહેરબાનીથી વાંચવા મળ્યા છે. તે બંને વાંચ્યા પછી તેમના ઉપર અલગ-અલગ લેખ લખવાની પ્રબળ ઈચ્છા હોવાં છતાં હું તેના વિશે કશું લખી શક્યો નથી તેનો અત્યારે ઘણો રંજ થાય છે. વાંચવાના પુસ્તકોની સંખ્યા એટલી બધી વધી ગઈ છે કે પહેલાં તો એ તરત વાંચી જ શકાતા નથી અને વંચાય છે તો એના વિશે લખવાનું રહી જાય છે.(શ્રી કિશોરભાઈનું 'પાંપણ વચ્ચે વંચાયું છે પણ.....) આ પુસ્તક વાંચ્યા પછી મને લાગે છે કે ૨૦૧૮ના વર્ષના ઈનામો નક્કી કરતી વેળાએ ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત સાહિત્ય અકાદમીને ખાસ કોઈ વિચાર કરવો પડશે નહીં.

આ પુસ્તકમાં એક એકથી ચડિયાતા વીસ લેખો છે. બધા લેખો વિશે લખવું મુશ્કેલ છે. એવું કરવા જઈએ તો દસપંદર પાનાંનો લેખ થઈ જાય. આપણી પાસે એટલી જગ્યા નથી. હા, તેનું વિહંગાવલોકન કરી શકાય. અહીં તેના એક પ્રકરણ '' તમે સારું લખો છો'' નો પહેલો ફકરો ટાંકવાનુ મન થાય છે. આ આખુંપ્રકરણ આપણા વાચકમિત્રોને બરાબરનું લાગુ પડે છે અને કદી નહી વાંચતાં સર્જકમિત્રોને સો એ સો ટકા લાગુ પડે છે.

અગાઉના સમયમાં આવાં ઉખાણાં પૂછાતાં હતાં.'' એક શબ્દમાં જવાબ આપો. '' પાન સડે, ઘોડા અડે, રોટલી બળી જાય. કહો ચતુર સુજાણ, શેના વિના ?'' જવાબ છેઃ ફેરવ્યા વિના.'' ફેરવો નહીં તો પાન સડી જાય, ઘોડાને પણ ફેરવવાની જરૂર પડે છે. અને રોટલી ફેરવો નહીં તો, રોટલી બળી જાય છે. તેવું બીજું એક ઉખાણું છે. '' એક શબ્દમાં જવાબ આપો. સફળતા મળે, મહેનત બચે, બધે વાહ વાહ થાય.'' કહો, ચતુર સુજાણ શેના વિના ?'' જવાબ છે: ''વાંચ્યા વિના.'' જવાબમાં ભરોસો પડતો નથી ને ? નહી વાંચવાથી સફળતા કેવી રીતે મળે ? વાંચ્યા વિના મહેનત કેવી રીતે બચે, અને વાંચ્યા વિના બધે વાહ વાહ કેવી રીતે થાય ? મને પણ, પહેલી વાર વાંચતાં આવો જ સવાલ થયેલો, પરંતુ જેમ જેમ વિચારતો ગયો, તેમ તેમ જવાબની પ્રતીતિ થવા લાગી હતી. વાંચ્યા વિના જ સફળતા મળે છે, કામ પાર પડે છે. આમાં વધુ વિશ્લેષણની જરૂર નથી.

આટલું લખ્યા પછી ગમનભાઈ લેખકનું એકે પુસ્તક વાંચ્યા વગર કેટલી હિમ્મતથી '' તમે સારું લખો છો.'' એવું કહી શકે છે અને પાછા એના માટે કેટલાં સરસ કારણો રજૂ કરે છે છે તે જાણવા માટે આપે આ પ્રકરણ વાંચવું પડશે. આપણી આસપાસ આવા કેટલાય ગમનભાઈઓ ઉર્ફે પ્રસંશકો ઘુમતા હોય છે. વૉટ્સ અપ ઉપર તો ફોટો જોઈ, નામ સિવાય બીજું કશુંય વાંચ્યા વગર સરસ,ખુબ સરસ અને વાહ વાહ જેવા શબ્દો સાથે અભિનંદન અને શુભેચ્છાઓનો ધોધમાર વરસાદ વરસી પડે છે. આ સિધ્ધાંતને લેખકે ગમનભાઈ સિધ્ધાંત એવું નામકરણ આપે છે તે કેટલું યથાર્થ છે ? એક અર્થશાસ્ત્રના અધ્યાપક પેપર વાંચ્યા વગર છૂટથી માર્ક્સ આપી વિધ્યાર્થીઓમાં કેવા લોકપ્રિય થયેલા તેનું ઉદાહરણ આપે છે.વધારામાં એક સૂત્ર પણ ટાંકે છે,'' ન વાંચ્યામાં નેવું ગુણ.'' આચાર્ય સાહેબ સરકારમાં ઉચ્ચ અધિકારી હતા. તેમને કેટલાયે મંત્રીઓ સાથે પનારો પડ્યો હશે ! આવા એક મંત્રીશ્રી રોજ ફાઈલોના પોટલા બંધાવીને ગાડીમાં ઘેર લઈ જતા અને તેમને ગાડીમાંથી ઉતાર્યા વગર પાછા લાવતાં. આ દ્રષ્ટાંત આપણને મરક મરક મલકાવી જાય છે. હજુ આ પ્રકરણનો છેલ્લો ફકરો ટપકાવ્યા વગર રહેવાય તેમ નથી.

પહેલાં શિખવાડાતું હતું, જે વાંચે ચોપડી તે ચોપડી કરી ખાય, જે ન વાંચે ચોપડી, તે બે પડી કરમાં સહાય. (થોડું અઘરું ઉખાણું છે નહી ? ચિંતા ન કરો, લેખકે સ્પષ્ટતા કરી છે.) જે ચોપડી વાંચે તે રોટલી પર ઘી ''ચોપડી'' ખાય, જે ચોપડી ન વાંચે તેણે 'બે-પડી' એટલે ઘંટી ખેંચવી પડે, પરંતુ આજે મોબાઈલ અને વૉટ્સ અપના જમાનામાં ચોપડીઓ, અપ્રસ્તુત બની ગઈ છે. સંદર્ભ ગુમાવી બેઠી છે. વાંચકો લાયબ્રેરીમાં માત્ર ઊંઘવા અગર પુસ્તકો ઉથલાવવા જાય છે, વાંચવા માટે નહીં. કોઈ લેખકનું નામ વાંચી પુસ્તક મૂકી દે છે. કોઈ

અનુસંધાન પાના નં ૭ પર

ફાગણ માસ એટલે ઋતુ સૌંદર્યનો લોકોત્સવ અને ઋતુ પરિવર્તનનો રંગોત્સવ

કુદરતના રંગો માનવજીવનની સંવેદનાના વાહક છે : હોળીમાં રંગોના માધ્યમ થકી પ્રેમ એની પરાકાષ્ઠાએ અભિવ્યક્ત થાય છે

અબીલ-ગુલાલ
મમતા રાવલ

ફેસબુક વોલ પર ગાંધીનગરના એક ગરવા કલાકારના ચિત્ર એ આજે દિલ ખુશ કરી દીધું...એ પેઈન્ટીંગ અહીં મુક્યું છે. સાથેનું કેપ્શન પણ ખૂબ ગમ્યું – '' ધીસ ઈઝ ધ વે ઓફ નેચર ટુ સે ' લેટ્સ પાર્ટી '... '' પારંપરિકતા અને નવા જમાનાનું સુંદર મિશ્રણ જોઈ-વાંચી ને મઝા આવી. શિશિર ઋતુની ફુલગુલાબી ઠંડી બાદ વસંતઋતુના સ્વાગતનો મુખ્ય ઉત્સવ એટલે હોળી ! આ ઉત્સવને ફાલ્ગુનિકા પણ કહેવાય છે. ફાગણ માસ એટલે ઋતુ-સૌંદર્યનો લોકોત્સવ અને ઋતુ પરિવર્તનનો રંગોત્સવ. વસંત સમગ્ર સૃષ્ટિને સુંદર રંગે રંગીને વિદાય થવાની તૈયારીમાં હોય છે. ખેડૂત પાકની કાપણી કરીને ઉત્સાહિત હોય છે ત્યારે ઉનાળાના આગમનની છડી પોકારતો આવે છે હોળીનો તહેવાર.

સમગ્ર દુનિયામાં ઋતુ પરિવર્તનના આ પર્વને અલગ-અલગ રીતે મનાવાય છે. અમેરીકામાં ' હેલોવિન ' નામે મજાક – મશ્કરી કરી મનોરંજન કરવામાં આવે છે. ગ્રીસમાં સ્ત્રીનું પૂજન કરીને લાકડાં સળગાવવામાં આવે છે. થાઈલેન્ડ અને બ્રહ્મદેશમાં એકબીજા ઉપર સુગંધિત દ્રવ્યોનો છંટકાવ કરવામાં આવે છે. પશ્ચિમ જર્મનીમાં એપ્રિલફુલ રૂપે યુક્તિ – પ્રયુક્તિથી લોકોને મૂર્ખ બનાવી આનંદ વ્યક્ત કરાય છે. જીવનમાં તક મળે તો એકવાર વ્રજભૂમિના ગોકુળ-મથુરા-વૃંદાવન-નંદગાવ-બરસાનાની હોળી ચોક્કસ માણવી જોઈએ. ઢોલ-ડફલી જેવા વાજીંત્રો સાથે હોળીના લયબધ્ધ ઋતુગીત અને અહીંની લઠ્ઠમાર હોળી જગપ્રસિધ્ધ છે. અહીંની ધૂળ પણ આ દિવસોમાં ગુલાલ બની ને માહોલ ને રંગીન બનાવે છે. ઉત્તર ગુજરાતમાં વીસનગર તરફ એકબીજા ઉપર જૂનાં જૂતાં ફેંકવામાં આવે છે. આમ સમગ્ર દેશમાં હોળીની ઉજવણી જુદી-જુદી રીતે કરવામાં આવે છે.

હોળીના પ્રાગટ્ય માટે અનેક કથાઓ પ્રચલિત છે. પરંતુ અતિ પ્રચલિત કથા તો ભક્ત પ્રહલાદની જ છે. ભક્ત પ્રહલાદની રક્ષા થઈ અને હોલિકાના નાશની ખુશાલી કેસુડાના રંગના છંટકાવ થી, ગીત અને નૃત્યો થી મનાવવામાં આવી. આમ અસ્ત્ય પર સત્યના આ ઉત્સવ હોળીનો બીજો દિવસ ધૂળેટી જેને ફુલડોળ, વસંતોત્સવ, રંગોત્સવ કે પોંખોત્સવ પણ કહે છે. આ દિવસે ગુલાલ થી વાતાવરણ રંગભર્યું અને ઉલ્લાસમય બને છે.

રંગોનું આપણા જીવનમાં અતિ મહત્વનું સ્થાન છે. રંગોને આપણી ભાવનાઓ સાથે ગાઢ સંબંધ છે વિવિધ રંગો આપણી માનસિક, ભાવનાત્મક, મનોવૈજ્ઞાનિક અને શારીરિક સ્થિતિ પર પ્રભાવ પાડે છે. આ દુનિયા સુંદર છે કારણ કે એમાં અનેકવિધ રંગ છવાયેલા છે. રંગોમાં એક ઊર્જા હોય છે, જે આપણ ને જીવંત રાખે છે.

ફિલ્મ 'બંદિશ'નું સુંદર ગીત...

'' રંગ ભરે મૌસમ સે રંગ ચૂરાકે...આ દેખું તેરી માંગ મેં સિંદૂર સજાકે, સિંદૂર સજાકે...'' રંગોના આ તહેવારમાં અચૂક યાદ આવે...પ્રેમ અને રંગ જેવા નિરાકાર તત્વોનું શાબ્દિક નિરૂપણ, કોઈ અગમ્ય કારણથી હદયને સ્પર્શે એજ એના સૂર-લય ની સાથે શબ્દોની કરામત દર્શાવે છે. કુદરતના રંગો, માનવજીવનની સંવેદના ના વાહક છે એમાં જ્યારે હોળીના તહેવારમાં રંગો માધ્યમ બને ત્યારે પ્રેમ એની પૂરી પરાકાષ્ઠાએ શરીરના પ્રત્યેક અંગથી અભિવ્યક્ત થાય છે પ્રેમ-રોમાન્સ-છેડછાડ એ શ્રીકૃષ્ણના પ્રિય આ તહેવારની લાક્ષણિક્તા છે. ઉલ્લાસના આ ઉત્સવમાં ઉન્માદની માદકતા ભળે પછી ભાંગના નશાની જરૂર રહેતી નથી.

રંગોની દુનિયા અદકેરી છે. દરેક રંગનો પ્રકૃતિગત સ્વભાવ અલગ છે. લીલો રંગ પ્રિય હોય એવા વ્યક્તિઓ સહદયી, સમજદાર, શાંત, પ્રકૃતિપ્રિય અને રોમાંચક સ્વભાવના હોય છે. લાલ રંગ પસંદ કરનારા સાહસિક, પ્રમાણિક અને બહિર્મુખી હોય છે. વાદળી રંગ વિશ્વાસુ અને કાળજી લેનારા લોકોનો પ્રિય હોય છે. કેસરી રંગ ગમતો હોય તેવા લોકો ઉત્સાહી, ખુશમિજાજ, સામાજીક અને રચનાત્મક સ્વભાવના હોય છે. પીળો રંગ ગમતો હોય એ લોકો સજાગ, સ્પષ્ટ વિચાર સરણી વાળા અને આશાવાદી હોય છે. ઘેરો જાંબલી રંગ નીડર, વ્યવહારુ, આદર્શવાદી અને સત્યપ્રિય વ્યક્તિઓ નો પ્રિય રંગ હોય છે. ગુલાબી રંગ સૌમ્ય અને શાંત છે. જે સ્નેહાળ સુરક્ષાનો ભાવ ધરાવે છે. આમ દરેક રંગ વિશેષ ગુણધર્મ ધરાવે છે.

રંગોની આ વિશિષ્ટતાનો ઉપયોગ જ્યોતિષ શાસ્ત્રમાં ગ્રહોનાં નંગ દ્વારા કરવામાં આવે છે જેનાથી શરીરની ઉર્જા સંતુલિત કરાય છે. વાસ્તુ શાસ્ત્રમાં પણ ઘરમાં જુદા-જુદા રંગોના ઉપયોગ દ્વારા તકલીફ નિવારણના સચોટ પ્રયોગ કરવામાં આવે છે. સુઝોક થેરાપી, ક્રિસ્ટલ થેરાપી, વોટર થેરાપી જેવી અન્ય થેરાપી માં પણ રંગોના માધ્યમથી શારીરિક માનસિક તકલીફોનુ નિવારણ કરવામાં આવે છે. માનવ શરીરમાં આવેલા સાત ચક્રો, સાત રંગ ધરાવે છે. આમ મેઘધનુષ્યમાં જોવા મળતાં મુખ્ય સાત રંગોથી માનવ શરીરનું સંચાલન થાય છે. કોઈ પણ રંગનું અસંતુલન સર્જાવાથી તકલીફોનો ઉદભવ થાય છે. કલર્સ જ્યારે થેરાપી બની ને ઈલાજ કરી શકે ત્યારે એની મહત્તા અનેક ગણી વધી જાય છે. એટલે જ આ રંગોની દુનિયા સાથે એકાકાર થઈ પ્રેમ, પ્રફુલ્લિતતા અને સ્વસ્થતા પામીએ. આપણા સહુનું મળવાનું માધ્યમ જ 'અબીલ-ગુલાલ' છે ત્યારે રંગોની અવગણના શક્ય જ નથી. સહુને ગુલાલ ભરી શુભેચ્છા...

'ગુલાલ લઈને રમનારાનો કરજો જય જયકાર, પાણી બગાડનારાઓનો કરજો બહિષ્કાર'.

(હોલી હે...)

- હોળી એક જ એવો તહેવાર છે જે બે રીતે ઊજવાય છે. માણસ સમજણો ન હોય ત્યારે હોળી રમે છે વધારે અને ગેરસમજણો થયા પછી ' સળગાવે ' છે વધારે !
- હોળી એટલે ભંગાર દેખાવાનો ગૌરવ બક્ષતો તહેવાર !
- રાજસ્થાની રામલાઓ હોળી મનાવવા પોતાના વતન જાય ત્યારે શેઠાણીઓને હૈયાહોળીની બોણી આપતા જાય છે.

હોળી અને કેસૂડા : આરોગ્યની દષ્ટીએ

પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

આજે ધૂળેટી. ગઈકાલે આપણે હોલિકા દહન કર્યું. હોલિકા દહનમાં વપરાતા લાકડા, છાણાં આદિ શુધ્ધીદાયક હોય છે. વૈદિક યજ્ઞપરંપરા વડે પણ એ હેતુ સિદ્ધ થાય છે. એક રીતે જોઈએ તો આપણે બે એક્સ્ટ્રીમ એટલેકે વિરોધાભાસોનો અનુભવ કરીએ છીએ. હોળીની રાત્રે હોલીકાની પ્રદક્ષિણા કરીને એ તાપ-ગરમીને અનુભવીએ, અને બીજા દિવસે રંગે રમીને જળ મહાભૂતની શીતળતાને અનુભવીએ. ઋતુ પ્રમાણે પણ આ ગાળો સંધિકાળ છે. એટલેકે હજુ વાતાવરણમાં એકદમ ગરમી શરૂ નથી થઈ અને થોડી ઠંડીની અસર પણ છે. વસંતઋતુ, શિયાળા અને ઉનાળાને જોડતી ઋતુ. આ સમયે તબિયત બહું સાચવવી પડે. શરદી, ઉધરસ, એલર્જી, તાવ આદિ બહું જોવા મળે. આ સમયે વાઈરસ અને બેક્ટેરીયાના ઈન્ફેક્શન પણ બહુ થાય. આવા જ સમયે સમગ્ર વાતાવરણને શુધ્ધ કરતો તહેવાર એટલેકે હોળી આવે. આપે અનુભવ્યુ હશે કે હોળી પછી શરદી-તાવ જેવા ઈન્ફેક્શન વાળા રોગો ઓછા થાય છે. હોળી સમયે ધાણી-દાળીયા-મમરા જેવા સુકા અને હળવા આહારની પ્રતિકાત્મકતા પણ સમજવા જેવી છે. હોળીના સમયે આપણો પાચકાગ્નિ મંદ હોય છે તેમજ જે લોકોની ઈમ્યુનિટી ઓછી હોય તે લોકોને ઈન્ફેક્શન પણ લાગવાની શક્યતા હોય છે. આ સમયે સૌથી અગત્યની ધ્યાનમાં રાખવાની બાબત એટલે આહાર. આવા સમયે વ્યક્તિએ પચવામાં હળવો અને સુકો ખોરાક લેવો જેથી પાચનતંત્રને બહુ બોજ ન પડે, શરીરનો વધારાનો કફ શમે અને શરીરની ઈમ્યુનિટી પણ વધે.



હોળી પછી આવે રંગોત્સવ ધૂળેટી. આજે આ આનંદોત્સવમાં રંગોનું સ્થાન અલગ અલગ કેમીકલ યુક્ત આર્ટીફિશીયલ રંગોએ લઈ લીધું છે, પણ વાસ્તવમાં ધૂળેટી નેચરલ કલર્સથી જ રમાતી અને રમાવી જોઈએ. આ નેચરલ કલર્સને પોતાના આગવા ગુણો છે જે આપણી હેલ્થ પર પોઝીટીવ અસર પાડે છે. હળદર, મોથ, મજીઠ, ભાંગરો આદિ ઔષધોમાંથી નેચરલ કલર્સ બને છે. (આજે વિદેશમાં નેચરલ કલર્સ યુક્ત પોશાકો પહેરવાનો ક્રેઝ છે. લોકો ઢગલો રૂપીયા ખર્ચીને આવા કપડા ખરીદે છે.)

ધૂળેટીના આ નેચરલ રંગોમાં શિરમોર નામ એટલે પલાશ પુષ્પ, એટલે કે કેસૂડા. પલાશના (ખાખરા) વૃક્ષ સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ઘણા છે. ૪૦-૫૦ ફૂટ ઉંચા ખાખરાનાં ઝાડને મોટા પાન હોય છે. વસંતઋતુમાં ખાખરા પર ફૂલો બેસે. આમ તો ખાખરાનું ઝાડ દેખાવે એટલું રમ્ય નથી હોતું પણ જ્યારે તેમા કેસૂડા બેસે ત્યારે બહું જ સુંદર લાગે છે.

ગામડામાં તો બાળકોને દિવસો સુધી કેસૂડાના પાણીમાં નવડાવવામાં આવે છે, રતાશ પડતા કેસરીયા એવા કેસૂડાના પાણીના એન્ટીસેપ્ટીક ગુણો છે. તે ચામડી માટે હિતકર છે. વાન સુધારે છે. નાનામોટા ફોડા-ફોલ્લીઓ તો તાત્કાલિક બેસી જાય છે. ચામડીની ખંજવાળમાં રાહત આપે છે. બાળકોમાં પેશાબ છૂટતો ન હોય તો કેસૂડાના ફૂલને બાફીને તેને પેડુ પર બાંધવામાં આવે છે. કેસૂડા રક્તસ્રાવ અટકાવનારા છે. કેસૂડાને ૧૦-૧૨ કલાક પાણીમાં પલાળી એ પાણી પીવાથી નાક કે મૂત્ર વાટે લોહી નિકળતું બંધ થાય છે. ખાખરાનું વૃક્ષ પણ રસાયણતુલ્ય છે. શરીરને અનેકવિધ રીતે ફાયદાકર છે. ખાખરાના ફળને પિત્તપાપડો કહે છે. તે પેટના રોગો, ડાયાબિટીસ, હરસ આદિમાં કેસૂડાનાં ફૂલો આપણા ગાંધીનગરમાં તેમજ લગભગ દરેક શહેરમાં મળે છે. કદાચ શોધવા માટે થોડી જહેમત ઉઠાવવી પડે, પણ એ જહેમત આપણા સ્વાસ્થ્ય માટે છે. હોળી-ધૂળેટીનીખૂબ બધી શુભેચ્છાઓ...

(મો.) ૯૮૭૯૪૭૧૧૪૭

કંટકને ચાલો આપણે ઉખાડી ફેંકીએ

કંટકને ચાલો આપણે ઉખાડી ફેંકીએ,
ધરતી ઉપર ફૂલોથી મહેંકતું ચમન રહે.
ટૂકડાથી અહીં ચાલશે ન આપણું કશું,
બસ, આપણું તો આખું ને આખું ભુવન રહે.

- સંધ્યા ભટ્ટ

●●●

લાગણીનો મેળો
રસિક વાળંદ

(ગતાંકથી ચાલુ...)

વિધર્મીઓ સામે ફતેહ મેળવવા સમય આવ્યે પ્રાણાર્પણ માટે તૈયાર હોય એવા નરબંકાઓની ગુરુ ગોવિંદસિંહે શોધ આદરી...

દેશની સમસ્ત પ્રજા જાગે, દરેકના મનમાં એક જ વિચાર ઘૂંટાય કે હવે તો કાંઈક ફેરફાર થવો જ જોઈએ, આંતરિક મતભેદો - ખટરાગ ભૂલી યથાશક્તિ મદદ માટે તત્પર રહેવું જોઈએ. દરેક નાગરિક દેશ માટે દુઃખો ભોગવવાનું કબૂલ કરે અને જયારે સેંકડો આગેવાનો પોતાના પ્રાણનું બલિદાન આપવા તૈયાર થાય ત્યારે જ જુલમમાંથી છૂટી શકાય છે. આ માટે આવી તૈયારી લોકોમાં છે કે નહિં ? તે જાણવા સારું પોતાના હાથમાં ઉઘાડી તલવાર લઈને ગુરુગોવિંદસિંહે લોકોના મેળા વચ્ચે આવીને કહ્યું કે, ફતેહ જોઈતી હોય તો બલિદાન આપો. ભાઈઓ ! તમે વિધર્મીઓના જુલમમાંથી છૂટવા ઈચ્છો છો એ બહુ ખુશીની વાત છે. કારણ કે હવે આપણું જીવવું દુષ્કર બની ગયું છે. આ ભયંકર જુલમમાંથી છૂટવું હશે તો છૂટાશે પરંતુ હમણાં જ દેવીએ મને કહ્યું કે, ફતેહ તમારી જ છે પણ તેમાં એક શરત છે અને તે એ જ કે, દેવીને બલિદાન જોઈએ. મા જગદંબા કહે છે કે, તમારામાંથી અત્યારે મને પાંચમાથાં આપો. મારે લોહી જોઈએ છે. તમારું લોહી આપ્યા વિના તમારા દેશનો ઉદ્ધાર થઈ શકે તેમ નથી. માટે જો તમારે ફતેહ મેળવવી હોય તો મને બલિદાન આપો. મને તમારું લોહી આપો. મને અત્યારે તમારામાંથી પાંચ માથાં આપો. એમ કહીને લાલચોળ આંખો કરી ગુરુ ગોવિંદસિંહ પોતાની નાગી તલવાર લોકોના ટોળાંની વચ્ચે ઘુમાવવા મંડ્યા અને બૂમો પાડવા મંડ્યા કે, લાવો, લાવો. પાંચ માથાં લાવો. છે કોઈ માઈના પૂત? હો તો આવો મેદાનમાં. એટલે હમણાં જ આ મારી તલવારથી હું તેના માથાં ઉડાવી દઉં ને દેવીને અર્પણ કરી દઉં. ચાલો, ચાલો કેટલી વાર ? દેવીને ભોગ આપવાનો વખત ચાલ્યો જાય છે. ભોગ આપ્યા વિના ફતેહ નહિ મળે, અરે આ શું ? હજી કોઈ તૈયાર નથી ? આટલાં બધાં માણસોમાંથી માત્ર પાંચ માથાં પણ નહિ મળે ? શરમ !! શરમ !! દેવી વચન આપે છે કે, બલિદાન આપો એટલે ફતેહ તમારી જ છે છતાં પણ માથા ન મળે ? દેવી વચન આપે છે કે, બલિદાન આપો એટલે ફતેહ તમારી જ છે છતાં પણ માથાં ન મળે? દેશના કલ્યાણને અર્થે માત્ર પાંચ માથાં પણ ન મળે ? તેમ છતાં તમારે વિધર્મીઓના જુલમમાંથી છૂટવું છે ?

એ જુલમમાંથી છૂટવા માટે તે હજારો માથાં આપવાં પડશે અને સ્વતંત્રતા મેળવવા માટે તો લાખો માણસોનો ભોગ આપવો પડશે. તેનું આ તો માત્ર મંગણાચરણ છે. પ્રથમ મંગણાચરણ માટે માત્ર પાંચ માથાં પણ ન મળે, એ કરતાં વધારે લાચારી બીજી કઈ ? જાઓ, જાઓ ધિકાર છે આવા નમાલાપણાને. અરે ! હજી પણ કોઈ ચેતો; ને માથાં આપવા તૈયાર થાઓ, નહિં તો તમારું સત્યાનાશ વળી જશે. એમ કહીને ગુરુ ગોવિંદસિંહ વધારે ને વધારે જોશથી પોતાની તલવાર ફેરવવા મંડ્યા અને વધારે ને વધારે આકરાં વચનો સંભળાવા લાગ્યા. પણ પોતાનું માથું કપાવવા સારું કોઈ માણસ ત્યાં મેદાનમાં આવ્યો નહિં; તેથી ગુરુ ગોવિંદસિંહે બહુ જ ગુસ્સે થઈ ગયા અને લોકોની નાયાલકી માટે બહુ જ દિલગીરી બતાવવા લાગ્યા. ત્યારે લોકોના ટોળામાંથી એક માણસ હિંમતથી કહ્યું, અમે દુશ્મનો સાથે લડવા તૈયાર છીએ, અમે ભયંકર જોખમો ખેડવા તૈયાર છીએ. અમે કેસરિયો કરવાં તૈયાર છીએ. તમે લડવાનો ઝંડો ઉઠાવો એટલે અમે હમણાં જ તમારી સાથે આવવા તૈયાર છીએ. અમે મરવાથી ડરવતા નથી. પણ દુશ્મનોને મારીને અમે તેઓના હાથે મરવા અચ્છીએ છીએ. કાંઈ બલિદાનના બકરાની પેઠે વગર મોતે કપાઈ મરવા ઈચ્છતા નથી. એવી રીતે મરવું એમાં બહાદુરી શી ? અને એમ મરવું એ શું ધર્મ છે ? ત્યારે ગુરુ ગોવિંદસિંહે કહ્યું, કે હા, અત્યારે એમ કરવું એ ધર્મ છે...

(વધુ આવતા અંકે...)

સ્પર્શમણિ :
અહિંસા પરમો ધર્મ :
ધર્મહિંસા તદૈવ ચઃ ।
અહિંસા મનુષ્ય કા પરમ ધર્મ હૈ ઔર ધર્મ કી રક્ષા કે લિએ હિંસા કરના ઉસસે ભી શ્રેષ્ઠ હૈ ।

- મહાભારત

- rasikvaland1965@gmail.com, Mo. 9913426949